RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7

જાન્યુઆરી - 2018

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



**શૌર્ય, વીરતા અને ખેલદિલી ખીલવીએ રમતો થકી,**
**માં ભારતીને સજાવીએ સમર્પણ અને દેશદાઝ થકી..**









# હર્ષ અને ઉત્કર્ષની આશા સાથે વર્ષ ૨૦૧૮ને આવકારીએ

**વ્હાલા સૌ જ્ઞાતિજનો**

**જય જલારામ...   જય રઘુવંશ...   જય મહાપરિષદ...**

અવનવા સંબંધોના ફૂલો, તાજગી ને અનોખા સૌંદર્યની ભેટ લઈને સૌ કોઈના હૈયામાં માનવતાની, પ્રેમની ને લાગણી સુગંધ લઈને અનેક નવી આશાઓ સાથે ૨૦૧૮માં આપણે પ્રવેશી ચૂકયા છે. ગત વર્ષે ગમે તેવા પવિત્ર વ્રત રાખીને ભલે આપણે અનેક ભૂલો કરી હોય પણ હવે એ બધુ વિસારીને, કંઇક સર્જનાત્મક ને રચનાત્મક વિચારીને માનવ માનવ વચ્ચે સ્નેહ સાંકળ કદિ તૂટે નહિ એવા પ્રયત્નો વખતો વખત કરવાની તૈયારી એ માનવ ધર્મ તો ખરો જ પણ સાચો સમાજ કે જ્ઞાતિધર્મ બજાવીને સંતુષ્ટ થવાનું વલણ ગમે તેવા કિંમતી ચલણ કરતાં પણ મહામૂલું ગણાય.

આપણા પ્રત્યેક રઘુવંશી સાથેના એકમેકના સંબંધ એક ઋણાનુબંધ છે. અન્યથા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા એકબીજાને મળવાનું, એક બીજામાં ભળવાનું અને સંબંધથી જોડાવાનું ક્યાંથી બન્યું હોત ? કેટલાક સંબંધો ઉપરછલ્લા એકમેકના મનથી જોડાયેલા હોય છે પણ આપણાથી અજાણ્યા રહે છે બેઉ પક્ષે મૌનથી ઊંડે ધરબેલા હોય છે પણ રઘુવંશી સાથેનો આપણો સંબંધ તો ટહુકતો સંબંધ છે. મને તો કોઈ સંબંધ વિશે પૂછે તો આવું કહું :

**''કંઠ ને કોયલની વચ્ચે હોય જે, તારી સાથે એ જ તો સંબંધ છું.''**

વ્હાલા ભાઈઓ-બહેનો, એક બીજાને મુંછો બતાવીને તો ઘણું જીવ્યા. હવે ખરી બહાદુરી બતાવવીજ હોય તો એકબીજાના હૈયા વચ્ચે રહેલી દૂરી મિટાવવાનો દ્રષ્ટિકોણ જ ઉત્તમ ગણાય. કોઈના કહેવાથી જ નહીં પરંતુ પોતાના અંદરના માહ્યલાને, અંતર આત્માને જગાડતા રહેવાથી જ શુભ કાર્યો તરફ મન વાળી શકાય, સાચું સૌંદર્ય કળી શકાય. એક ચિંતકે બહુ મર્મસ્પર્શી પ્રાર્થના પ્રભુને કરી કે, ''હે પ્રભુ, હું બદલી શકું એવી પરિસ્થિતિને બદલવાનું તું કૌશલ્ય આપજે, હું બદલી ન શકું એવી પરિસ્થિતિને સ્વીકારી લેવાની સમજણ આપજે, અને આ બન્ને પ્રકારની પરિસ્થિતિ પરખી શકું એવી દ્રષ્ટિ તું મને આપજે.'' આવો આપણે આપણી દ્રષ્ટિ બદલીએ, પરિસ્થિતિ આપોઆપ બદલાઈ જશે.

વિતી ગયેલું વર્ષ ૨૦૧૭ માતૃસંસ્થા માટે અને આપણા સૌ માટે અવિસ્મરણીય રહેશે કેમ કે આ વર્ષમાં આપણે કારોબારી સમિતિની બેઠક, મધ્યસ્થ મહાસમિતિની બેઠક, જીવનસાથી પસંદગી પરિચય મેળા, આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિતરણ સમારોહ જેવા કાર્યક્રમો તો સફળતાપૂર્વક કર્યા જ પણ 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી એક અભૂતપૂર્વ ઘટનાને પ્રસંગના આપણે સાક્ષી બન્યા. માતૃગયા તીર્થ સિધ્ધપુર ખાતે પૂજ્ય ભાઈશ્રીના શ્રીમુખે સામૂહિક માતૃતર્પણ - માતૃવંદના અને શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દ્વારા આ સમારોહ શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસનું એક મહામૂલું સંભારણું બની રહેશે, જે આપણને માનવસેવાના દરેક કાર્યમાં સતત પ્રેરણા પૂરી પાડતું રહેશે. આવનારા વર્ષ ૨૦૧૮માં જ્ઞાતિ ઉત્કર્ષ માટે શિક્ષણ અને આરોગ્યના પ્રકલ્પોને વધુ ને વધુ વાઈબ્રન્ટ બનાવી યુવાનોને વધુ ને વધુ ઉપયોગી થવાય, યુવાનોમાં જ્ઞાતિની ભાવના દ્વારા સંગઠન થાય, મહિલા સશક્તિકરણ વેગવંતુ બનાવાય તેમજ સમગ્ર વિશ્વના મહાજનશ્રીઓ સાથે સતત સંવાદ સાધી વિચારો અને માહિતીની સુવ્યવસ્થિત આપ-લે થાય તેવા સઘન અને સતત પ્રયત્નો સૌના સાથ સહકારથી થશે જ એવી પૂરી શ્રદ્ધા છે.

આપ સૌ જાણો છો કે અમદાવાદ મુકામે વિવિધ હેતુઓ માટે આવતા જ્ઞાતિજનોને રોકાવાની વ્યવસ્થા માટે ગત વર્ષમાં સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે ૨૦ રૂમો તૈયાર કરી લોકાર્પણ થયું છે અને આવનારા વર્ષમાં ૮૦ જેટલી રૂમો અને અન્ય વ્યવસ્થાઓ ત્યાં ઉપલબ્ધ થશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરું છું. આ અંક આપને મળશે ત્યાં સુધીમાં આપણી રાજકોટ ખાતેની તા. ૫, ૬ અને ૭ જાન્યુઆરી દરમિયાનની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ પૂર્ણ થઈ ચૂકી હશે તેમજ માતૃસંસ્થાની કારોબારી બેઠક પણ અહીં સંપન્ન થઈ ચૂકી હશે. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ તમામ ટીમને તેમજ ચેમ્પિયન ટીમને મારા હૃદયપૂર્વકના અભિનંદન.

અંતમાં હર્ષ અને ઉત્કર્ષની ભાવના સાથે વર્ષ ૨૦૧૮ના નવ વર્ષે મનનો અંધકાર ધોઈ નાખી, અંતરને અજવાળીને, ગેરસમજો દૂર કરીને પરસ્પર સદ્‌ભાવ શુભેચ્છાના ફૂલો વેરીને આપણા અને સૌ જ્ઞાતિજનોના જીવનમાં સુગંધ ભરીએ, મીઠાશ અને મધુરતાનો અનુભવ કરી અને કરાવીને સંપ, સુહૃદયતા તથા એકતાનો અનુભવ કરીએ અને જ્ઞાતિનો વિકાસ સાધીએ.

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 7
જાન્યુઆરી - 2018
અંક : 72
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેઝરવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૭૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 231

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
કારોબારી સમિતિની બેઠક રાજકોટ ........ ૫
આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ ........ ૧૪
પર્યાવરણ સમિતિ ........ ૨૧
સંસ્થા સમાચાર ........ ૨૨
શાબાશ રઘુવંશી ........ ૨૩
સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ ........ ૨૪

## ઋણ સ્વીકાર





**માતુશ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટમાં સરાહનીય આર્થિક સહયોગ આપી રમત-ગમત સમિતિ અને તમામ ટીમોનો ઉત્સાહ વધારવા બદલ ખૂબ ખૂબ આભાર.**

મુખ્ય દાતા કાથરાણી પરિવારના શ્રી હેમંતભાઈ કાથરાણી

સુરક્ષા સેતુ સોસાયટી રાજકોટ શહેર (શ્રી અનુપમસિંહજી ગેહલોત)

શ્રી પ્રવિણભાઈ કોટક (ઈસ્કોન ગ્રુપ)

શ્રી નીતીનભાઈ રાયચુરા (ફર્ન ગ્રુપ)

શ્રી ચંદુભાઈ પટેલ (બાલાજી ગ્રુપ)

સુશ્રી કાશ્મીરાબેન નથવાણી (વી એન એસ ગ્રુપ)

શ્રી સુરેશભાઈ ચંદારાણા (ધવલ એગ્રો)

શ્રી હિરેનભાઈ ખખ્ખર (ટ્રીનીટી ટાવર)

શ્રી પ્રિયવદનભાઈ કક્કડ (કામનાથ મુદ્રણાલય)

શ્રી મૌલેશભાઈ પટેલ (બાન લેબ ગ્રુપ)



શ્રી પિયુષભાઈ મજીઠીયા, અધ્યક્ષ
રમતગમત સમિતિ

## તંત્રી સ્થાનેથી

# બાય બાય ૨૦૧૭ : સમયને તો બસ સરી જવાની ટેવ પડી

મહાભારતમાં વિદુર ધૃતરાષ્ટ્રને એક શાશ્વત નિયમની વાત કરે છે કે સમયને કોઈ સ્વજન નથી કે કોઈ પ્રિય નથી અને કોઈ તિરસ્કૃત કે દ્વેષ કરવા જેવું પણ નથી.... ''न कालस्य प्रियः कश्चिन न देष्यः कुरुसत्तम'' મહાભારતકારે કાળ વિશેના આ સનાતન સત્યને આપણી સમક્ષ મૂક્યું છે. કારણકે કાળ કાળનું કામ કરે છે, પરંતુ માણસનો સમય ફર્યા કરે છે. સમય બળવાન હોય છે અને માણસ અસહાય હોય છે. કાળનું અતિક્રમણ કરવું મુશ્કેલ છે. સમય જાગ્યા કરે છે અને આપણે ક્ષણોમાંથી સર્યા કરીએ છીએ. એકાદ વહેતી પળ પણ પરપોટાની માફક હોય છે. સમય કોઈનાથી બંધાતો નથી અને તેથી કવિશ્રી ઉશનસ્ આ પ્રશ્ન પૂછીને આપણને વિચારતા કરી મૂકે છે :

"તમે કહો છો પણ કયાં છે તે સમય મુઠ્ઠીમાં આવે છે ?

વહેતી એકાદી પળ છે, ને તેય વળી પરપોટો છે.

પ્રથમ પંક્તિમાં સવાલ પૂછીને બીજી પંક્તિમાં કવિએ પળને પરપોટા સાથે સરખાવીને કહ્યું કે પરપોટો પકડી શકાતો નથી અને પકડીએ તો તૂટી જાય છે, તેમ ક્ષણને પણ પકડી શકાતી નથી. આથી સમયને તો મુઠ્ઠીમાં બાંધવાની વાત થઈ જ કેવી રીતે શકે ? ક્યારેક વિચારીએ તો લાગે કે જીવનની કથાઓનો કોઈ ક્રમ હોતો નથી. ગમે તે બિન્દુએથી તે આરંભાય છે તો સમેટાઈ પણ જાય છે. શ્રી ગોવર્ધનરામ જેવા ચિંતકે લખેલું કે ''સમય રચે એ જ બલાબલ''. બલ-અબલ રચનાર સમય છે. આપણે કેવળ પ્રેક્ષક છીએ. પણ ક્યારેક એવી પળ પણ આવી જાય જ્યાં અનાયાસ મેઘધનુષ રચાઈ જાય. આકાશ આખું દર્શનીય બની જાય એવા દર્શનની ક્ષણ ધન્યતાનો અનુભવ કરાવી જાય. આપણા સૌના લાડલા પ્રમુખ શ્રી પ્રવિણભાઈની સંનિષ્ઠ રાહબરીમાં સૌના સાથથી આવી ધન્યતાનો અનુભવ અને આઠ દિવસનો મેઘધનુષી દર્શનીય આકાશ સિધ્ધપુરમાં રચાયું હતું. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં માતૃવંદના - માતૃતર્પણ અને શ્રીમદ્ ભાગવદ્ જ્ઞાનયજ્ઞ થકી !

'સમય' આ ત્રણ અક્ષર જો અલગ કરાય તો સતત, મહેનત અને યત્ન એમ કહી શકાય. આપણે જો આપણા જીવનને પરિવારને અને આપણા આ રઘુવંશી સમાજને ખરેખર પ્રગતિ અને વિકાસના માર્ગે લઈ જવો હોય આપણે મહેનત અને યત્ન સતત ચાલુ રાખવા જોઈએ તો સફળતા પ્રાપ્ત થતી જ હોય છે. શ્રી પ્રવિણભાઈ અને તેની ટીમ સતત મહેનત અને યત્નોથી ઘણા પ્રકલ્પોના સંકલ્પોને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી શકયા છે અને આવનારા સમયમાં પણ સોલા ભાગવત ખાતેના અતિથિ નિકેતન જેવા પ્રકલ્પો સફળતાથી પૂર્ણ કરશે જ તેમાં કોઈ શંકા નથી.

સમય એ તો કુદરતે આપેલી અદ્ભુત ભેટ છે. સમય તો મળેલો જ છે માટે 'સમય મળતો નથી.' એ ફરિયાદ જ ખોટી છે. પૃથ્વીની પોતાની ધરી ઉપર ફરવાને લીધે ગણાતો દિવસ અને સૂર્ય ફરતે ફરવાને લીધે ગણાતું વરસ જગત આખા માટે સાવ સરખું છે. કોઈને એમાં એક્સ્ટ્રા કલાકો મળ્યા નથી. રામ, જલારામ, કૃષ્ણ, બલરામ, મહાવીર, મહમ્મદ, જીસસ, નાનક કોઈને નહિ. ગાંધીને ય નહિ ને લિંકનને ય નહિ. મોદી કે અમિતાભને ય નહિ, બિલ ગેટ્સ કે સ્ટીવ જોબ્સને ય નહિ. સમય નથી આવી ફરિયાદ કરનારાઓને ખરેખર તો સમયનો ઉપયોગ કરતા ને કરાવતા આવડતું નથી. જરૂર છે મળેલા સમયનું આયોજન કરવાની. સમયને કામ જોઈએ છે. કામગરા માણસોની સામે સમય હાથ જોડીને ઊભો રહે છે. આપણા સમાજે જ્ઞાતિશ્રેષ્ઠીઓએ અને ઉચ્ચ હોદ્દા પરના પદાધિકારીઓએ આવા નિષ્ઠાવાન કામગરા માણસોને શોધી કાઢી, તેઓની પીઠ થાબડી, પ્રોત્સાહિત કરી સમાજના સત્કાર્યોમાં જોડવા જોઈએ. જો આવું થાય તો આપણા સમાજમાં સંપ, સુહૃદયભાવ અને એકતાની ક્ષણો જરૂર આવશે.

જીવનની દરેક ક્ષણને પોતાનો ઇતિહાસ છે. કઈ ક્ષણ ક્યાં જોડાશે, કેવો ચમત્કાર સર્જશે તે વિશે આપણે કશું કહી શકીએ તેમ નથી. કેમ કે જગતની તમામ વસ્તુઓ પર સમયની અસર થાય છે, પણ સમય પર કશાયની અસર થતી નથી. પરંતુ કવિશ્રી પ્રફુલ પંડ્યા કાચા સમયની વાત કરતા કહે છે કે :

"છે કાચી અવસ્થાનો કાચો સમય, ફરીથી સમજવાને વાંચો સમય,

કદી જો સફરને એ મહેકાવી દે, કદી એ જ બનતો તમાશો સમય;

બધી આંખના પાટા ખૂલી જશે, અગર ભેટે સાચાને સાચો સમય"

એટલે કે સમય સાચો જ હોય છે પરંતુ તે પામનાર સાચો હોય છે કે નહિ એ જોવું રહ્યું. તો ચાલો, આપણે સૌ માતૃસંસ્થાને સમયે જે સાચા અને સારા લોકો આપ્યા છે તેની કદર કરીએ, તેઓનો ઉત્સાહ વધારી સમાજના ઉત્કર્ષ માટે તેઓમાં રહેલ શ્રેષ્ઠ તેમનો ઉપયોગ કરીએ. આપણા સૌનો પ્રયત્ન જ્ઞાતિવિકાસ માટે છે, સત્ કાર્ય માટેનો છે, વ્યાપક હિતનો છે અને તેમ થઈને જ રહેશે તેવું દ્રઢતા સાથે વિચારી સમયની સાથે તાલ મિલાવી આગળ વધીએ કેમ કે :

"પળે પળ સમય રહ્યો છે સરી

વહી ગયો તે વહી ગયો, નહી આવે પાછો ફરી

જે સમયે જે કરવાનું તે તેજ સમે કરવાનું,

સૃષ્ટિ સઘળી પાસેથી આ ભણતર છે ભણવાનું !!!



- પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના

# વર્તમાન ટર્મની શ્રી લોહાણા મહાપરિષદની ષષ્ઠમ્ કારોબારી બેઠક રાજકોટ મુકામે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન



શ્રી લોહાણા મહાપરિષદની વર્તમાન ટર્મની છઠ્ઠી કારોબારી સમિતિની બેઠક શ્રી રાજકોટ લોહાણા મહાજનના યજમાન પદે બાલભવન રેસકોર્સ મુકામે સવારે ૧૧.૦૦ થી ૩.૩૦ કલાક સુધીમાં યોજાઈ. કારોબારી બેઠકની પૂર્વે સર્વે આમંત્રિત સભ્યોનું રજિસ્ટ્રેશન મહાજનશ્રી દ્વારા સુંદર કીટ અને બેગ તથા અલ્પાહારથી થયું. ૧૧.૦૦ કલાકે ઉદ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, ટ્રસ્ટી મંડળ અને સર્વે પદાધિકારીઓને મંચસ્થ થવા વિનંતી કરી. રઘુવંશી ધ્વજવંદન ગીતગાન અને દીપ પ્રાગટ્ય દ્વારા મીટીંગની શરૂઆત કરવામાં આવી. મીટીંગની શરૂઆત તાજેતરમાં જ શ્રી લોહાણા મહાપરિષદના વર્તમાન ટ્રસ્ટી શ્રી મણિલાલભાઈ કાથરાણીનું દેહાવસાન થતાં બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપી અને શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો.

ત્યારબાદ શ્રી રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ સુશ્રી કાશ્મીરાબેન નથવાણીએ સૌ કારોબારી અને આમંત્રિત સભ્યોનું શાબ્દિક અને ત્યારબાદ ગિફ્ટ પેક આપીને શ્રી પ્રવિણભાઈ કોટક અને મંચસ્થ તમામ પદાધિકારીઓનું સ્વાગત કર્યું. અત્રે આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ નિમિત્તે રમતગમત સમિતિ દ્વારા રાજકોટના સભ્યોના સક્રિય સહયોગથી પ્રકાશિત કરવામાં આવેલ સોવેનિયરનું પણ વિધિવત્ વિમોચન કરવામાં આવ્યું હતું અને તમામ કારોબારી સભ્યોને કીટમાં આપવામાં આવ્યું હતું.આ સોવેનિયર માટે શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી મેહુલભાઈ નથવાણી તથા અન્ય સભ્યોએ પણ જાહેરાતોના સંકલનમાં વિશેષ જહેમત ઉઠાવી હતી.



એજન્ડા અનુસાર ઉદ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ ગત્ છ માસમાં જે જે રઘુવંશીઓએ દેહાવસાન થયું છે અને માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર જેની જાણ મળી છે તે તમામનો નામોલ્લેખ કરી કારોબારી સભાએ સૌને શ્રધ્ધાંજલિ આપી હતી. શ્રધ્ધાંજલિ અર્પણ કરતો શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આજની આ મીટીંગમાં જે જે હોદ્દેદારો અને સભ્યશ્રીઓ ઉપસ્થિત નથી રહી શક્યા અને મધ્યસ્થ કાર્યાલય પર સંદેશા મળ્યા છે તે તમામનો પણ નામોલ્લેખ કરી રજાચિઠ્ઠી મંજૂર કરતો ઠરાવ પાસ કરવામાં આવ્યો. ત્યારબાદ મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરે તા.૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ સમસ્ત રઘુવંશી સમાજ પાટણના યજમાનપદે પાટણ મુકામે યોજાયેલ કારોબારી સમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન કર્યું હતું જેને સભાએ ઉત્સાહભેર બહાલી આપી હતી અને શ્રી હિમાંશુભાઈએ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર મેળવ્યા હતા.



એજન્ડા અનુસાર આગળ ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે ઓડિટરશ્રી વસંતભાઈ અનારકટ સાથે વર્ષ ૨૦૧૬-૧૭ ના ઓડિટેડ હિસાબો રજૂ કર્યા હતા તે ઉપરાંત ઉચ્ચ શિક્ષણ, આરોગ્ય અંગે પણ ચૂકવાયેલી સહાય અંગે વિગતવાર રજૂઆત કરી હતી. વિશેષમાં તાજેતરમાં જ માતૃતીર્થ સિધ્ધપુર





મુકામે યોજાયેલ માતૃવંદના મહોત્સવનો પણ વિગતવાર હિસાબ રજૂ કરી લગભગ ૧.૭૫ કરોડ જેટલી ધનરાશિની બચત જાહેર કરેલ જેને સૌ મહાજનોશ્રેષ્ઠીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. ત્યારબાદ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં પણ સ્વ.રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત અપાયેલ શૈક્ષણિક સ્કોલરશિપ અંગે પણ કન્વીનરશ્રી શશીકાંતભાઈ કાનાણીએ પણ જરૂરી રજૂઆત કરી સભાની બહાલી મેળવી હતી. ઉચ્ચ શિક્ષણ માટે ૫૦,૦૦૦/-ની મર્યાદામાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અપાતી આર્થિક સહાય અંગે શ્રી કે. સી. ઠક્કરે સંતોષ વ્યક્ત કરી આ કાર્યને સુપેરે નિભાવતા અને દાન સાથે પોતાનો સમય પણ આપતા શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી રમેશભાઈ અનમી, શ્રી હિંમતભાઈ કોટકને અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ આગળના એજન્ડા અનુસાર શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી મણિલાલભાઈ નરસીદાસ કાથરાણીનું આકસ્મિક દેહાવસાન થતાં તેમની ખાલી પડેલ જગ્યામાં બાકી રહેલી મુદત માટે ટ્રસ્ટીની નિમણૂંક કરવા બાબતે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ અંગે માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર એકથી વધારે નામોની રજૂઆતો આવતા ઉપસ્થિત ટ્રસ્ટીઓમાંથી નવી મુંબઈથી પધારેલા શ્રી મોહનભાઈ ઠક્કરને યોગ્ય પ્રસ્તાવ મૂકવા માટે આમંત્રણ આપ્યું હતું. શ્રી મોહનભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે કોઈ વિટંબણાને અવકાશ ન આપવા માટે વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક હાલ પ્રમુખ તરીકે હોદ્દાની રૂએ (નવમા) ટ્રસ્ટી તરીકે છે તેની જગ્યાએ શ્રી પ્રવિણભાઈ કોટકને જ ટ્રસ્ટીની સીટ ઉપર આરૂઢ કરીએ તો આગામી ૨૦૨૧ સુધી સતત તેમની સેવાનો સમાજને લાભ મળી શકે. આ પ્રસ્તાવને સિનિયર ટ્રસ્ટી સુશ્રી વિણાબેન પાંધી, નવનિયુક્ત ટ્રસ્ટી શ્રી નિતિનભાઈ રાયચુરાએ ટેકો જાહેર કરતા તમામ મંચસ્થ હોદ્દેદારો અને સમગ્ર સભાએ સમર્થન આપતા શ્રી પ્રવિણભાઈ કોટકની ટ્રસ્ટી તરીકેની વરણી જાહેર કરવામાં આવેલ જેમને શ્રી જલારામબાપાના જયઘોષથી વધાવવામાં આવેલ. ટ્રસ્ટી તરીકે આરૂઢ થયેલા શ્રી પ્રવિણભાઈ કોટકને સર્વેએ અભિનંદન પાઠવ્યા હતા તથા ગુજરાત વિભાગના યુવા અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્ય, શ્રી સુમિતભાઈ ઠક્કર તથા ટીમ દ્વારા તેમનું હનુમાનજી મહારાજની મૂર્તિ આપીને તથા શ્રી રમેશભાઈ ઠક્કર, શ્રી મિતલભાઈ ખેતાણી તથા ટીમ દ્વારા ગાય માતાની પ્રતિકૃતિ ભેટ આપી સન્માન તથા શુભેચ્છાઓ અર્પણ કરવામાં આવેલ.



ત્યારબાદ આગળના એજન્ડા અનુસાર અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ કેમ્પસ ખાતે નવીનીકરણ પામી રહેલ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ નિકેતનના નવીનીકરણના કાર્યની પ્રગતિનો અહેવાલ આપતા જણાવ્યું હતું કે અત્યાર સુધી મુખ્યદાતાશ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ અને






અન્ય દાતાઓના સાથ સહકારથી રૂા. ૨,૩૭,૦૦,૦૦૦/- જેટલી ધનરાશિની ચૂકવણી કરવામાં આવેલ છે. ઓક્ટોબર માસમાં પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે એક વિંગનું લોકાર્પણ કરાવી જ્ઞાતિ સેવામાં ખૂલ્લું મૂકેલ છે જેમાં એ.સી. રૂમનો દર રૂા. ૯૫૦/- શ્રી ભાગવત વિદ્યાપીઠ અને રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટની સંયુક્ત સંચાલન સમિતિ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

આરોગ્ય અને શિક્ષણઅર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે મહાજનશ્રીના ભલામણ પત્રથી આવા પરિવારોને ફક્ત રૂા. ૧૦૦/-ના ટોકન દરે રૂમ ફાળવવા પણ પાંચ રૂમની જોગવાઈ કરવાનું ઠરાવેલ. શ્રી હિમાંશુભાઈએ જણાવ્યું હતું કે આગામી એકાદ માસમાં બીજી એક વિંગનું પણ કામ પૂર્ણ થઈ જતાં બીજા પણ લગભગ ૨૦ રૂમો જ્ઞાતિ સેવામાં ખૂલ્લા મુકવામાં આવશે. આ અંગે ગત નવરાત્રિ મહોત્સવ દરમિયાન રાજકોટ મુકામે દાતાશ્રેષ્ઠીઓ દ્વારા અંદાજીત ૫૦ લાખ રૂપિયાનું દાન જાહેર થયેલ જેનો પણ ઉલ્લેખ કરી આ તમામ રાજકોટના દાતાશ્રેષ્ઠીઓનો આભાર માન્યો હતો અને આ સેવાયજ્ઞમાં વધુમાં વધુ લોકો જોડાય અને દાન મળે તે માટે સતત પ્રયત્નશીલ રહેવા પણ અનુરોધ કરાયો હતો.



આગળના એજન્ડા અનુસાર માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાયેલ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના મહોત્સવના કન્વીનર શ્રી પોપટભાઈ અખાણીએ આ મહોત્સવના સુંદર આયોજન અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને આ ઉત્સવને અવિસ્મરણીય બનાવવા માટે જે જે સભ્યોએ તન મન અને ધનથી પોતાનો સાથ સહકાર આપ્યો હતો તેમના માટે પણ આભાર અને અભિનંદનની લાગણી વ્યક્ત કરી હતી. સાથે સાથે મીઠી ટકોર કરતાં એ પણ જણાવ્યું હતું કે, સમાજમાં સમર્થ નેતૃત્વ અને નિષ્ઠાવાન કાર્યકર્તા દ્વારા આવા જે પણ આયોજનો થાય તેને આપણે ટેકો આપવો જોઈએ, તેમના ઉત્સાહમાં વધારો કરવો જોઈએ અને જો પોતાને અનુકૂળ ન લાગે તો પોતે શાંતિથી બેસી રહી જે કામ કરે છે તેને કરવા દેવું જોઈએ.



મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરે સમાજમાં વાંચનનું મહત્ત્વ વધે અને માતૃસંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ સૌ પરિવારો સુધી પહોંચે તે માટે ઉપસ્થિત સૌ સભ્યોને હાર્દિક અપીલ કરતા જણાવ્યું હતું કે શ્રી રઘુકુળ વિશ્વ એ માતૃસંસ્થાનો અવાજ છે આ મુખપત્રના સભ્ય બની આપ માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ અને આયોજનો અંગે સતત માહિતગાર રહી શકો છો. આના અભાવે વારંવાર એવોર્ડ સમારંભમાં કે પછી રમતગમત સમિતિમાં













ખેલાડીઓની પસંદગી હોય. ત્રણ ત્રણ ચાર ચાર મહિના અગાઉ આ માહિતીઓ શ્રી રઘુકુળ વિશ્વમાં પ્રકાશિત કરવામાં આવતી હોવા છતાં સમયમર્યાદાનું પાલન ન થતાં સમર્થ અને કાબેલ સભ્યો આવા લાભથી વંચિત રહી જાય અને ત્યારબાદ વરિષ્ઠ હોદ્દેદારોની ભલામણ આવે ત્યારે પસંદગી કરનાર સભ્યોએ મૂંઝવણમાં મુકાવું પડે છે જે અંગે ભવિષ્યમાં ઘટતું કરવા પણ સૌને વિનંતી કરાઈ હતી.

અત્રે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને યજમાન સંસ્થાના આમંત્રણને માન આપી રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા આ તબક્કે શ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ હોદ્દેદારો દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી કમલેશભાઈ મિરાણીએ પોતાની ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આપણા સમાજમાં એક નેતૃત્વ તરફ વિશ્વાસ કાયમ કરવાની તાતી જરૂરિયાત છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આપણા સમાજના જે જે પ્રતિનિધિઓને ટિકિટ મળેલી છે તેમની સાથે જો ફક્ત રઘુવંશી સમાજ જ સમર્પિત ભાવે ઉભો રહ્યો હોત તો આ તમામ સભ્યો નિસંદેહ વિજયી બની શક્યા હોત. રાજકોટનું ઉદાહરણ આપી તેમણે અલગ અલગ શહેરોમાં અલગ અલગ સંસ્થાઓ દ્વારા થતા અલગ અલગ કાર્યક્રમો અને ઉજવણીઓ સામૂહિક રીતે કેમ ન થઈ શકે તેવું કરૂણ પ્રશ્નાર્થ ચિન્હ પણ મૂક્યું હતું. આગામી સમયમાં સુશ્રી નીમાબેન આચાર્ય, શ્રી પ્રવિણભાઈ કોટક, સુશ્રી કાશ્મીરાબેન નથવાણીને પક્ષમાં યોગ્ય જવાબદારી મળે તે માટે સતત પ્રયત્નશીલ રહેવાની કટિબધ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી. ગત વિધાનસભાની ચૂંટણીમાં શ્રી પ્રવિણભાઈ કોટકે ફક્ત ટેલિફોનિક જ નહીં પરંતુ વ્યક્તિગત રીતે ધારાસભ્યોને આર્થિક સહાય પણ મોકલી હોવાનું પોતે સાક્ષી છે તેમ જણાવી ખૂબ ખૂબ અભિનંદન પણ પાઠવ્યા હતા.



માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી અને આવા સુંદર આયોજન બદલ આયોજકોને બિરદાવ્યા હતા. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી મણિદાદાના અવસાન અને ટુર્નામેન્ટને ખૂબ ઓછા દિવસોનું અંતર હોવા છતાં કાથરાણી પરિવાર વતી શ્રી હેમંતભાઈ કાથરાણીએ સહર્ષ અને વિનાસંકોચે આ આયોજન ચાલુ રાખવા માટે જણાવી પોતાની સામાજિક સંવેદનાનો પરિચય આપ્યો હતો અને રમતગમત સમિતિનો ઉત્સાહ વધાર્યો હતો. દ્વારિકાથી પધારેલા સમાજશ્રેષ્ઠી શ્રી મનસુખભાઈ બારાઈનો જન્મદિવસ હોવાથી પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે અભિવાદન કર્યું હતુ. અત્રે શ્રી મનસુખભાઈએ શિક્ષણ માટે રૂ. ૫૧,૦૦૦/- નું અનુદાન જાહેર કર્યુ હતુ.



આગળના એજન્ડા અનુસાર રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાએ ત્રણ





દિવસના આ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના માર્ગદર્શનમાં રાજકોટ મુકામે તમામ પ્રકારની સુંદર વ્યવસ્થાઓ પૂરી પાડવા બદલ શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી હસુભાઈ ભગદેવ તથા સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ અંગે શ્રી પિયુષભાઈ મજીઠીયાએ કાથરાણી પરિવારને પણ સુંદર સહયોગ બદલ યાદ કરીને સંતોષ વ્યક્ત કર્યો હતો તથા માતૃસંસ્થાના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું સતત માર્ગદર્શન અને રમતગમત સમિતિના તમામ સભ્યોનો સંપૂર્ણ સાથ સહકાર મળતાં આ ટુર્નામેન્ટને યાદગાર બનાવી શક્યા હોવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ પર્યાવરણ સમિતિ દ્વારા સમયાંતરે થતાં વિવિધ કાર્યક્રમો અંગે સૌને માહિતગાર કર્યા હતા અને વૃક્ષારોપણ, પાણી બચાવો, વીજળી બચાવો, અન્ન બચાવો જેવા વિવિધ વિષયો દ્વારા સમાજની યુવાપેઢીને જાગૃત કરી આવા અભિયાનો દ્વારા સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા હોવાથી સંતોષ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન પણ ગત દિવસે અને તે દિવસે પણ બાલભવનમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરી સૌરાષ્ટ્ર વિભાગની પર્યાવરણ સમિતિની ટીમનો ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયાએ પ્રોફેશનલ સમિતિની કાર્યપ્રવૃત્તિઓ અંગે અહેવાલ આપ્યો હતો અને વર્તમાન સમયની માંગ પ્રમાણે સમાજના વેપારી વર્ગ માટે ઉપયોગી થાય તેવા કાયદાકીય અને સરકારી અન્ય લાભો માટે ટીમને વ્યાપક બનાવી વધુ ને વધુ વેપારીઓ જોડાય તે માટે પ્રયત્નશીલ રહેવાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી અને પોતે પ્રોફેશનલ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા પહેલાં ઉપાધ્યક્ષ થતાં તે જગ્યા અત્યારે ખાલી પડી હોવાથી તે જગ્યાએ રાજકોટના શ્રી પરાગભાઈ દેવાણીની નિમણૂક જાહેર કરી હતી.




સામાજિક સુરક્ષા સમિતિના અધ્યક્ષ શ્રી નટુભાઈ આચાર્યએ સમાજના જરૂરિયાતમંદ મધ્યમવર્ગીય પરિવારો માટે વીમાયોજના તથા મેડિક્લેમ માટે બે થી ત્રણ મીટીંગો કરી ચોક્કસ પોલીસી નક્કી કરી શક્યા છીએ જેને આવનારા સમયમાં નીતિનિયમો સાથેના ફોર્મ દ્વારા પ્રકાશિત કરી મહાજનશ્રીને પોતાના આવા સભ્ય પરિવારોને શોધી વધુ ને વધુ લાભ અપાવવા માટે અનુરોધ કરાશે કે જેમાં એક ચોક્કસ ભાગ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પણ મહાજનને અર્પણ કરાશે ત્યારબાદ આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડૉ. નંદલાલ માનસત્તાએ સમાજના તમામ સભ્યોની તંદુરસ્તી સારી રહે તેવી પ્રાર્થના અને શુભેચ્છા વ્યક્ત કરી આગામી ફેબ્રુઆરી માસમાં સાવરકુંડલા મુકામે ગૌરવ હોસ્પિટલમાં પૂ.મોરારીબાપુની રામકથામાં સૌને પધારવા માટે હૃદયપૂર્વકનું નિમંત્રણ પાઠવ્યું હતું. ત્યારબાદ બિઝનેસ ડેવલપમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રી દિગ્વિજયભાઈ કાપડીયાએ કોમ્યુનિકેશન, પર્સનાલિટી ડેવલપમેન્ટ જેવા વિષયોને કેન્દ્રમાં રાખી વ્યવસાયનો વિકાસ સુંદર રીતે થઈ શકે તેવા સેમીનારોનું સતત આયોજનો થતા રહે છે તેની વિગતો આપી હતી આ અંગે રાજકોટમાં પણ ટૂંક સમયમાં જ આવું આયોજન કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી. ત્યારબાદ ગુજરાત વિભાગના ઉપપ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠક્કરે પણ સૌને એક અને સમર્પિત થઈ જે જે કાર્યપ્રવૃત્તિઓ ચાલી રહી છે તેમાં સાથ સહકાર આપવા અને વર્તમાન વરિષ્ઠ હોદ્દેદારોનું મનોબળ વધારવા પણ સૌને અપીલ કરી હતી. ત્યારબાદ વિદર્ભ સહ મધ્યભારતના ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ પણ વિભાગીય ઉપપ્રમુખ તરીકે વિદર્ભ સહ મધ્યભારત વિભાગનું એક બ્રોશર વિમોચિત કર્યું હતું જેમાં માતૃસંસ્થાની મુખ્ય સેવાકીય પ્રવૃત્તિઓ માટે દાનની અપીલ ઉપરાંત આ વિભાગમાં થતી કાર્યપ્રવૃત્તિઓ તથા માતૃસંસ્થાની તમામ સમિતિઓમાં આ વિભાગના જે જે સભ્યો સંકળાયેલા છે તેની સંપૂર્ણ વિગતો આપી હતી. તેમના આ પ્રયત્નોને સૌ બિરદાવ્યો હતો. ત્યારબાદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સુશ્રી રશ્મિબેન વિઠલાણીએ પણ મહિલા વિભાગની સુંદર કાર્યપ્રવૃત્તિઓ ડૉ. નીમાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને થઈ રહી છે તે બદલ સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો અને તમામ વિભાગના મહિલા અધ્યક્ષાઓને અને મહિલા સમિતિના સભ્યોને અભિનંદન આપ્યા હતા. ગુજરાત વિભાગના મહિલા અધ્યક્ષ સુશ્રી પ્રજ્ઞાબેન રાજાએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી મહિલાઓના ઉત્કર્ષ અને સ્વાભિમાન માટે સતત પ્રયત્નશીલ રહેવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ તબક્કે ભાગવત વિદ્યાપીઠ સોલા મુકામે મુખ્ય નામની ધનરાશિ પ્રાપ્ત થવા બદલ શ્રી જનકભાઈ ઠક્કર તથા શ્રી સતીષભાઈ ઠક્કર અનુપસ્થિત હોવાથી સુશ્રી રશ્મિબેન વિઠલાણીનું તેઓ વતી માતૃસંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કરે પણ આ તમામ કાર્યપ્રવૃત્તિઓને બિરદાવી હતી અને સૌ સમર્પિત કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા હતા. મીટીંગના અંતભાગ તરફ આગળ વધતા સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણાએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી અને ક્રિકેટ ટુર્નામેન્ટ અને કારોબારી બન્ને સાથે સાથે રાજકોટમાં યોજાવા બદલ આનંદની લાગણી પણ વ્યક્ત કરી હતી. ત્યારબાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના પ્રમુખકીય ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, રાજકોટ એ રઘુવંશીઓની રાજધાની છે. સૌરાષ્ટ્રનો આતિથ્યભાવ પોતાના પ્રમુખ થયા પછી પહેલાં જામનગર અને ત્યારબાદ રાજકોટ એમ બન્ને જગ્યાએ સુંદર લાભ મળ્યો તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થતા વિવિધ સેવાકાર્યો ઉપરાંત જ્ઞાતિ સંગઠન માટે થતા વિવિધ આયોજનોમાં સમાજ ઉત્સાહભેર જોડાય તે ખૂબ જરૂરી છે. આ તબક્કે શ્રી પ્રવિણભાઈ કોટકે માતૃસંસ્થાના જે જે હોદ્દેદારો સક્રિય રીતે હોદ્દો એ ફક્ત સ્ટેટસ સિમ્બોલ નહીં પણ પોતાની જવાબદારી છે તે ભાવને સાર્થક કરી જે સુંદર કાર્ય કરી રહ્યા છે તેમને ખૂબ બિરદાવ્યા હતા. આ ઉપરાંત શ્રી મિતલભાઈની રજૂઆતને લક્ષ્યમાં લઈ શ્રી પ્રવિણભાઈ કોટકે આગામી વર્ષને જીવદયા અને ગૌસેવા વર્ષ તરીકે જાહેર કર્યું હતું. અંતમાં કાર્યક્રમના સમાપન વખતે માતૃસંસ્થા દ્વારા યજમાન સંસ્થા શ્રી રાજકોટ લોહાણા મહાજન અને ટીમ રાજકોટનું મેમેન્ટો અને ખેસથી અભિવાદન કરી સ્મૃતિપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર વિભાગના મહિલા અધ્યક્ષ સુશ્રી શિલ્પાબેન પૂજારાએ આભારવિધિ કરી ત્યારબાદ ઉદ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ સતત સંચાલન સાથે આ કારોબારી બેઠકને પૂર્ણ થયેલી જાહેર કરી હતી.

આ મિટિંગમાં માતૃસંસ્થાના કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કારીયા તથા અન્ય મંત્રીઓમાં શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી મનુભાઈ ગોકલાણી, શ્રી ભરતભાઈ માવાણી, મુંબઈથી શ્રી ભાવેશભાઈ મિરાણી, ખજાનચી શ્રી નિતિનભાઈ પાંધી, જામનગરથી શ્રી જીતુભાઈ લાલ, શ્રી દિનેશભાઈ મારફતિયા, જુનાગઢથી શ્રી ગીરિશભાઈ કોટેચા, અમરાવતીથી મહિલા અધ્યક્ષ સુશ્રી શિલાબેન પોપટ, પુનાથી શ્રી ધીરૂભાઈ રાજા, મુંબઈથી શ્રી નિખિલભાઈ સુબા, ભાવનગરથી શ્રી સુમિતભાઈ ઠક્કર અને થેલેસિમિયા સમિતિના અધ્યક્ષશ્રી ડૉ. રમેશભાઈ ભાયાણી ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ કર્યું હતું. લગભગ ૪.૦૦ કલાકે પૂર્ણ થયેલી આ મીટીંગમાં મીટીંગ શરૂ થઈ ત્યારથી જ સમયાંતરે વિવિધ વાનગીઓ સૌ સભ્યોને ટેબલ પર જ પિરસવાનું સુંદર સંકલન પણ યજમાન સંસ્થાએ સુપેરે કર્યું હતું.

## હાર્દિક શુભેચ્છા સહ



ISCON BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

SINCE 1981 DAE

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 ◆ Cell : +91-98240 66376
Email : suresh@dhavalagri.com ◆ Website : www.dhavalagri.com

THE FERN HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES
- Domestic & International Air Tickets
- World Wide Hotel Booking
- Car & Bus on Rent
- Passport, Visa & Travel Insurance Assistance
- Rail & Bus Tickets
- Domestic & International Tour Packages

Address: UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ
કન્વીનર કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

*Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15*
*Mail Id : dhaval@royalinfra.com ✆ +91-9879100000, +91-9825250403*

## હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી**
**પરિવાર, કોલકાતા**



## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**JTC**

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

---

**Himanshu Thakker** 9879301004 9374001004
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com

**Expert Educate Pvt. Ltd.**
Career Counseling - Training - Publications

Hon. Services
- Shree Lohana Mahaparishad
- Shree Kutch Vagad Lohana Mahajan
- Ahmedabad Lohana Mahajan Vadi
- Shree Akhil Guj. Kutch Vagad Lohana Mahajan
- Shree Kutchi Samaj, Ahmedabad
- Green Orgon Donor's Foundation

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી પ્રવીણભાઈ કાનાબાર પરિવાર, મસ્કત**

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી હરેશભાઈ મુડિયા પરિવાર, મસ્કત**

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી દિનેશભાઈ પવાણી પરિવાર, મસ્કત**

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી જીતુભાઈ તન્ના પરિવાર, મસ્કત**

---

ADVOCATE

+91 94284 17965

**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)

Advocate, Gujarat High Court

406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60

E-mail : shyamalbhimani.adv@gmail.com

---




**HARSH CLEAN DHAN PVT. LTD.**
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. : 88881 10467 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ મારફતિયા
પરિવાર, જામનગર

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ભરતભાઈ કોટક
અધ્યક્ષ, સ્થાયી સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ધર્મેશભાઈ હરિયાણી
અધ્યક્ષ, શિક્ષણ સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પિયુષભાઈ ગંઠા
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી નિલેષભાઈ કોટક
પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

# THE TEAM

## રમતગમત સમિતિ



### Kutch
Dilip G. Majethia
Bhavya A Thacker
Harsh P. Akhani
Aditya S. Thacker
Hardik K. Thacker
Mayur V. Thacker
Rahul N. Atha
Umang M. Thacker
Chirag N. Acharya
Yash V. Chothani
Savan V. Bhayani
Darshan K. Chande
Rajesh S. Thacker
Viral V. Ganatra
Nirbhay R. Thacker

### Uttar Purva Bharat
Bhavik Popat
Rahul Ganatra
Piyush Kapadia
Bhavik Gotecha
Mehul Thakker
Sagar Thakker
Vineet Ganatra
Aaman Dattani
Jayesh Vithlani
Prashant Thakker
Shailesh Thakker
Hardik Gadhia
Rahul Thakker
Raj Badiyani
Rohan Ruparelia

### Dakshin Bharat
Ashish Saujani
Sundeep Chandarana
Upendra Kotak
Varun Lakhani
Susheel Vasant
Neeraj Shingala
Dhyeya Paun
Vivek Lakhani
Ashish Modi
Bhavin Tanna
Sidharth Jasani
Ashish Rajani
Rahul Pujara
Dharmik Pujara
Piyush Thakkar

### Mumbai Sah Maharashtra
Avadhesh Thakkar
Dhrumil Thakkar
Darshan Ruparel
Jay Sachde
Kapil Sotta
Nikunj Karia
Prashant Karia
Mehul Gokani
Harmesh Somaiya
Jay Chandarana
Snehal Vithlani
Aman Suraiya
Nikunj Vithlani
Chintan Thakkar
Prashant Vithlani
Vishal Thakkar
Nitin Pandhi

### Oman (Videsh)
Ajay Lalcheta
Rajiv Davda
Rohit Gadhiya
Nimesh Gadhia
Jeel Tanna
Raj Tanna
Rushin Kanabar
Darshan Kanabar
Vijay Lalcheta
Jignesh Adhiya
Amit Kakkad
Parth Lakhani
Hemil Ganatra
Madhav Radia

### Vidarbh Sah Madhya Bharat
Vimal Ahya
Devendra Popat
Pratik Vasani
Anup Tanna
Anand Raja
Ankit Chandarana
Sagar Vasani
Kapil Kariya
Shreyansh Maggya
Mayur Jobanputra
Karan Davda
Ritik Raja
Bhavesh Raja
Anuj Raichura
Parth Kothari

### Gujarat
Arpit Ranch
Dhruv Thakkar
Parth Thakkar
Ashvin Thakkar
Prashant Thakkar
Hardik Thakkar
Chirag Thakkar
Mayur Thakkar
Digant Popat
Premal Rachh
Chirag Chandrani
Brijesh Thakkar
Vrushank Halani
Rutul Thakkar
Alpesh Thakkar

### Saurashtra
Rishi Ruparelia
Dhruv Rajani
Dhaval Thakker
Shyam Patadia
Parth Kotecha
Dhaval Tanna
Vishwas Bhojani
Neel Khakhar
Aditya Sayani
Hemal Somaiya
Parth Hindocha
Sagar Mansata
Hardik Popat
Viral Bagdai
Arjun Davda





**સ્થાયી સમિતિના અહેવાલ**

## રમતગમત સમિતિ

# ચતુર્થ આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનો અહેવાલ



જે દિવસોની વિશ્વભરના ખેલાડીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા અને જેના માટે છેલ્લા મહિનાઓથી ઉત્સાહ જોવા મળતો હતો તે દિવસ એટલે તા. ૪ જાન્યુઆરી, ૨૦૧૮. ભારતના સાત વિભાગ અને વિદેશ વિભાગ એમ કુલ ૮ ટીમોના ખેલાડીઓ તથા સાથે સંકળાયેલા સમાજશ્રેષ્ઠીઓ રાજકોટ મુકામે આવી પહોંચ્યા હતા. રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષ મજીઠીયા, શ્રી પ્રકાશભાઈ ઠકરાર, શ્રી પિયુષભાઈ કુંડલિયા તથા અન્ય સક્રિય સભ્યોએ રાજકોટના શ્રેષ્ઠીઓ દ્વારા કરેલી સુંદર વ્યવસ્થા પ્રમાણે સૌને ઉતારા ફાળવ્યા હતા અને સૌ ખેલાડીઓ પોતપોતાના સ્થાને ગોઠવાયા હતા. ત્યારબાદ અનુકૂળતા મુજબ વિવિધ ટીમોએ નેટ પ્રેક્ટિસ પણ કરી હતી.



માતુશ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ રઘુવંશીઓની રાજધાની સમા રાજકોટ શહેરમાં રેસકોર્સ ખાતે સવારે ૧૧.૦૦ વાગ્યાથી થયો. આ ત્રિદિવસીય ટુર્નામેન્ટના ભવ્યાતિભવ્ય રીતે યોજાયેલા ઉદ્દઘાટન સમારોહની શરૂઆત રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી થઈ. આ સમારોહમાં શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીશ્રીઓ, વરિષ્ઠ હોદ્દેદારો, આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આયોજકોનો અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમારોહમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન અને બીસીસીઆઈના ભૂતપૂર્વ હોદ્દેદાર અને ક્રિકેટ જગતના ભિષ્મપિતા સમા શ્રી નિરંજનભાઈ શાહ, રાજકોટ શહેર ભાજપના પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, મુખ્ય દાતા કાથરાણી પરિવારના શ્રી હેમંતભાઈ કાથરાણી તેમજ આઠેય ટીમના મુખ્ય સ્પોન્સરમાં ફર્ન ગ્રુપના શ્રી નીતીનભાઈ રાયચુરા, ઈસ્કોન ગ્રુપ વતી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, બાલાજી ગ્રુપના શ્રી ચંદુભાઈ પટેલ, રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી કાશ્મીરાબેન નથવાણી, ધવલ એગ્રો ગ્રુપના ચેરમેન અને સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી હિરેનભાઈ ખખ્ખર, શ્રી પ્રિયવદનભાઈ કક્કડ તથા બાન લેબ ગ્રુપના શ્રી મૌલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા, ઉપાધ્યક્ષ શ્રી રોહિતભાઈ અનમ, મંત્રી









શ્રી પ્રકાશભાઈ ઠકરાર તથા શ્રી પિયુષભાઈ કુંડલિયા તથા રમતગમત સમિતિની સમગ્ર ટીમે ખેલાડીઓ અને ટીમનું જરૂરી સંકલન કર્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં મહાનુભાવો સાથેની દરેક ટીમની ઓળખવિધિ પૂર્ણ કરી આતશબાજી, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ચીયરલીડર્સના આનંદ સાથે મેચનો દોર શરૂ થયો હતો. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ સૌ ખેલાડીઓને અનિવાર્ય સંજોગોમાં અનુપસ્થિતિના કારણે ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી.



માતૃસંસ્થાના ભારતના સાત અને વિદેશ એમ કુલ આઠ વિભાગોની ૪ મેચો અને ત્યારબાદ બે હારેલી ટીમ વચ્ચે એક મેચ એમ કુલ પાંચ મેચો પ્રથમ દિવસે રમાઈ. સવારે ૧૧.૦૦ કલાકે પ્રથમ મેચ મુંબઈ સહ મહારાષ્ટ્ર અને કચ્છ વિભાગ વચ્ચે યોજાઈ જેમાં મુંબઈ સહ મહારાષ્ટ્ર ટીમે વિજયની શરૂઆત કરી. આ મેચના મેન ઑફ ધ મેચ તરીકે મેહુલ ગોકાણી જાહેર થયા. બીજી મેચ વિદર્ભ સહ મધ્ય ભારત અને ગુજરાત વચ્ચે રમાઈ હતી. જેમાં ગુજરાત વિભાગની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જેમાં મેન ઓફ ધ મેચ ધ્રુવ ઠક્કર જાહેર થયા.



ત્રીજી મેચ ઉત્તર પુર્વ વિભાગ અને દક્ષિણ ભારત વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં ઉત્તર પૂર્વ વિભાગની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જેમાં કાર્તિક મિરાણી મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા. જ્યારે ચોથી મેચ સૌરાષ્ટ્ર વિભાગ અને વિદેશ વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં સૌરાષ્ટ્ર વિભાગની ટીમનો વિજય થયો હતો અને પાર્થ હિંડોચા મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા. અને ત્યારબાદ હારેલી ટીમો વચ્ચે મેચ રમાઈ હતી જેમાં કચ્છ વિભાગ અને મધ્ય ભારત વચ્ચે રમાઈ હતી જેમાં કચ્છ વિભાગની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જેમાં આદિત્ય ઠક્કર મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા.







આ ટુર્નામેન્ટમાં તમામ ખેલાડી બેટ્સમેનોને દરેક સિક્સ માટે રૂા. ૫૦૦નો રોકડ પુરસ્કાર જલારામ ટ્રાન્સપોર્ટના શ્રી હસુભાઈ ભગદેવે જાહેર કર્યો હતો. તમામ ખેલાડીઓના સ્થાનિક આવાગમન, હોટેલમાં રોકાણ, અલ્પાહાર, ભોજન તમામ વ્યવસ્થાઓ રાજકોટ લોહાણા મહાજન, અન્ય સહયોગી સંસ્થાઓ અને રઘુવંશી શ્રેષ્ઠીઓના સાથ સહકારથી સુંદર રીતે ગોઠવવામાં આવેલ હતી.

દરેક વિભાગની ટીમોનો ઉત્સાહ વધારવા તેમની સાથેના વિભાગીય હોદ્દેદારો પણ રાજકોટ મુકામે પધારેલ છે. આ ટુર્નામેન્ટના સફળ આયોજન માટે માતૃસંસ્થાના રાજકોટ સ્થિત ટ્રસ્ટીશ્રીઓ શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી વીણાબેન પાંધી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રીઓ સુશ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી મિતલભાઈ ખેતાણી, સૌરાષ્ટ્ર વિભાગના મહિલા અધ્યક્ષ સુશ્રી શિલ્પાબેન પૂજારા, સહમંત્રી શ્રી યોગેશભાઈ પૂજારા તથા ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી અશોકભાઈ હિંડોચા, શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી પિયુષભાઈ મજીઠીયા, શ્રી પ્રકાશભાઈ ઠકરાર, શ્રી શૈલેષભાઈ ગણાત્રા, શ્રી સમીરભાઈ રાજાણી, શ્રી જયભાઈ ઘેલાણી તથા સમગ્ર ટીમે વિશેષ જહેમત ઉઠાવેલ છે. સૌરાષ્ટ્ર વિભાગમાં રણજી ટ્રોફી ખેલાડી શ્રી મહેન્દ્રભાઈ રાજદેવ, શ્રી સિતાંશુભાઈ કોટક, શ્રી અતુલભાઈ કારીયા શ્રી જોલી જોબનપુત્રા, શ્રી ઈન્દ્રેશ ગોકાણી તથા કલકત્તાથી ખાસ પધારેલા શ્રી નિશાંત મજીઠીયાએ ગ્રાઉન્ડ વ્યવસ્થા, કોમેન્ટરી, સ્કોરબોર્ડ, અમ્પાયરીંગ, મેચ રેફરીની વ્યવસ્થાનું પણ સુંદર સંકલન કરેલ.



બીજા દિવસે માધવરાવ સિંધિયા સ્ટેડિયમ ખાતે પણ પાંચ મેચો રમાઈ હતી. જેમાં ઉત્તર પૂર્વ વિભાગ ની ટીમ અને આ વર્ષે પહેલી વખત રમવા આવેલી વિદેશ વિભાગની ટીમ વચ્ચે રમાઈ હતી જેમાં ઉત્તર પૂર્વ વિભાગની ટીમ વિજેતા જાહેર થઈ હતી. અને મેન ઓફ ધ મેચ અજયભાઈ લાલચેતા જાહેર થયા હતા. જ્યારે બીજી મેચ મુંબઈ સહ મહારાષ્ટ્ર અને ગુજરાત વિભાગની ટીમ વચ્ચે રમાઈ હતી જેમાં મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમ વિજેતા થઈ હતી જેમાં પ્રશાંત કારીયા મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા. ત્રીજી મેચ







સૌરાષ્ટ્ર વિભાગ અને દક્ષિણ વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં સૌરાષ્ટ્ર વિભાગની ટીમ વિજેતા જાહેર થઈ હતી અને મેન ઓફ ધ મેચ હેમલ સોમૈયા રહ્યા હતા. ચોથી મેચ વિદેશ વિભાગ અને ગુજરાત વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં ગુજરાત વિભાગની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જેમાં મેન ઓફ ધ મેચ અજય લાલચેતા જાહેર થયા હતા. બીજા દિવસની છેલ્લી અને પાંચમી મેચ કચ્છ અને દક્ષિણ વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં કચ્છ વિભાગની ટીમ વિજયી થઈ હતી અને ભવ્ય ઠક્કર મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા. આ રીતે ટુર્નામેન્ટનો બીજો દિવસ પણ અત્યંત રસાકસીભર્યો રહ્યો. આ ટુર્નામેન્ટમાં ખેલાડીઓનો ઉત્સાહ વધારવા અમદાવાદથી શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક તથા અન્ય હોદ્દેદારો પણ ખૂબ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા.



ત્રીજા અને અંતિમ દિવસે બે સેમી ફાઈનલ મેચો અને ત્યારબાદ એક ફાઈનલ મેચ રમાઈ હતી. પ્રથમ સેમીફાઈનલ મુંબઈ સહ મહારાષ્ટ્ર અને ગુજરાત વિભાગ વચ્ચે રમાઈ જેમાં ગુજરાત વિભાગે ટોસ જીતીને પહેલાં બેટિંગ કરી પરંતુ આ મેચમાં મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગની ટીમ વિજયી થઈ અને ફરીથી મેહુલ ગોકાણીને મેન ઓફ મેચ જાહેર કરાયા. ત્યારબાદ બીજી સેમી ફાઈનલ સૌરાષ્ટ્ર અને કચ્છ વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં કચ્છ વિભાગે ટોસ જીતી પહેલાં ફિલ્ડિંગ કરવાનું નક્કી કર્યું અને મેચમાં પણ વિજયી બન્યા. ફરીથી ભવ્ય ઠક્કરને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા અને આ રીતે ફાઈનલ મેચ માટે કચ્છ અને મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ કાબેલ પૂરવાર થયા. બપોરે ૪.૨૦ કલાકે કચ્છ અને મુંબઈ સહ મહારાષ્ટ્ર ટીમના કેપ્ટન અને સાથે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ટોસ









ઉછાળવામાં આવ્યો. મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમે ટોસ જીતીને પહેલાં બેટિંગ કરવાનું નક્કી કર્યું અને ૭ વિકેટના ભોગે ૧૫ ઓવરમાં ૧૪૩ રન બનાવી કચ્છ વિભાગની ટીમને ૧૪૪ રન કરવા માટે પડકાર ફેંક્યો. આના જવાબમાં અંતે કચ્છ વિભાગે પડકારને પહોંચી ન વળતાં મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમ વિજેતા જાહેર થઈ. પ્રશાંત કારિયા આ મેચના મેન ઓફ ધ મેચ જાહેર થયા. આ ત્રણ દિવસની અતિ રસાકસીભરી ટુર્નામેન્ટમાં મેહુલ ગોકાણીને ટુર્નામેન્ટના બેસ્ટ બેટ્સમેન તથા કચ્છ વિભાગના હર્ષ ઠક્કરને બેસ્ટ બોલર જાહેર કરાયા. હરમેશ સોમૈયાને બેસ્ટ વિકેટકિપર તથા ક્રિશી પૂજારાને બેસ્ટ ફિલ્ડર જાહેર કરાયા. કચ્છ વિભાગના ભવ્ય ઠક્કરને મેન ઓફ ધ સિરીઝ એવોર્ડથી નવાજવામાં આવ્યા. આ સમાપન સમારોહમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક રઘુવંશીઓ માટે ગૌરવ સમા ક્રિકેટર શ્રી જયદેવ ઉનડકટ તથા માતૃસંસ્થાના તમામ વરિષ્ઠ હોદ્દેદારો, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી તથા રાજકોટ શહેરના તમામ શ્રેષ્ઠી દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ ટીમના તમામ ખેલાડીઓને પ્રતિક સ્મૃતિચિન્હ તથા અન્ય તમામ જાહેર કરાયેલ રોકડ પુરસ્કાર તથા ક્રિકેટની યાદગીરી રૂપે સુંદર બેગ વગેરે એનાયત કરવામાં આવ્યા હતા. રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા તથા સમગ્ર ટીમે સુંદર સંકલન કરી આ સમારોહને યાદગાર બનાવ્યો હતો લગભગ રાત્રે ૯.૩૦ કલાકે સમાપન સમારોહ પૂર્ણ થયે સૌ ભોજન પ્રસાદ લઈ પોતપોતાની અનુકૂળતા મુજબ ગંતવ્ય સ્થાને જવા રવાના થયા હતા.

અહેવાલ સંકલન : શ્રી પ્રકાશભાઈ ઠકરાર,
રાષ્ટ્રીય મંત્રી, રમતગમત સમિતિ





# તસવીરી ઝલક






















# પર્યાવરણ સમિતિ




## પાણી બચાવો, જીવન બચાવો

**રાજકોટ ખાતે પર્યાવરણ સમિતિના નવનિયુક્ત સભ્યો દ્વારા વૃક્ષારોપણ :** તા.૧૮-૧૨-૧૭ના રોજ રાજકોટના નવનિયુક્ત સમિતિ સભ્યો બિંદિયા અમલાણી, શરદ વિઠલાણી, રાહુલ લાલ, વિજયા કટારીયા, કમલા ભાગ્યોદય, નિશા જોબનપુત્રા, રશ્મિ માણેક, નમ્રતા સાતા, જાગૃતિ ખિમાણી, હંસા લાલ, ચેતના ભીંડોરા, સોનલ જોબનપુત્રા, હર્ષદ કોટેચા, વિશાલ રાચ્છ, જય થેલાણી દ્વારા પોતાનું પ્રથમ વૃક્ષારોપણ સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ ચંદારાણાભાઈની ફેક્ટરીએ કરેલ. આ પ્રસંગે રાજકોટ લોહાણા મહાજનના ઉપાધ્યક્ષ રમેશભાઈ ધામેચા, સુરેશભાઈ કોઠારી, ભુપેન્દ્રભાઈ ઠક્કર, ભગવાનદાસ બંધુ, મુકેશભાઈ ઠક્કર, અશોકભાઈ તન્ના તથા રાજુભાઈ ઠક્કર સહિતના જ્ઞાતિરત્નો ઉપસ્થિત રહેલ. તેમજ તા.૨૪-૧૨-૧૭ના રોજ શ્રી ગૌશાળા ખાતે શ્રીમદ્ ભાગવતના જાણીતા પ્રવક્તા પ્રખર યુવા વૈષ્ણવાચાર્ય, પૂ.પા.ગો.શ્રી ગોવર્ધનેશજી મહોદયશ્રી (શ્રી દર્શનકુમારજી)ના શુભહસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં શ્રીજી ગૌશાળાના શ્રી પ્રભુદાસભાઈ તન્ના, ગીરીરાજ હોસ્પિટલના શ્રી રમેશભાઈ ઠક્કર તથા પર્યાવરણ સમિતિના સભ્યો ઉસ્થિત રહ્યાં હતા. તારીખ ૩૧-૧૨-૧૭ને રવિવારે સાંજે ૪ કલાકે હેપ્પી સ્કૂલ, જામનગર રોડ, રાજકોટના પટાંગણમાં, વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**નાગપુર ખાતે વૃક્ષારોપણ :** તા.૨૨-૧૨-૧૭ના રોજ શ્રી ઉમેશભાઈ ઠક્કરની પ્રેરણાથી શ્રી અનિલભાઈ અઢિયા, શ્રી ધવલભાઈ પોંઢા, ક્રિશ્ના પોપટ, મીનલબેન ઠક્કર અને અનિતા ઠક્કર દ્વારા નાગપુર ખાતે તેમના એપાર્ટમેન્ટના રહેવાસીઓ અને નાના બાળકો સાથે મળી વૃક્ષારોપણ કરવામાં આવેલ. તા.૩૧-૧૨-૧૭ રવિવારના રોજ વિદર્ભ (મહારાષ્ટ્ર) વિભાગના સ્થાનિય "સદાશાંતિ બાલગૃહ"માં બાલગૃહના અનાથ અને નિરાશ્રિત બાળકોને સાથે લઈ વૃક્ષારોપણ કરવામાં આવેલ. શ્રી ઉમેશભાઈ ઠક્કર, શ્રી અનિલભાઈ અઢિયા, શ્રી પ્રફુલભાઈ રાજા, શ્રી વિપુલભાઈ કારીયા, ક્રિષ્ણાભાઈ પોપટ અને રૂશાલ ઉમેશભાઈ ઠક્કર અને શ્રી વિનોદભાઈ તન્ના અને ભાઈ શ્રી દિવ્યેશ મજેઠીયા આ કાર્યક્રમમાં હાજર રહેલ.

**મુંબઈ ગોરેગાંવ સ્પોર્ટસ ક્લબ ખાતે વૃક્ષારોપ વિતરણ :** તા.૨૨-૧૨-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી લલિતભાઈ ઠક્કરના જન્મદિવસ પર મુંબઈ ગોરેગાંવ સ્પોર્ટસ ક્લબ ખાતે વૃક્ષરોપ વિતરણ કરવામાં આવેલ.

**ગોંદિયા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ :** તા.૩૧-૧૨-૧૭ના રોજ સ્વ.શ્રી ઓધવજીભાઈ નરસિંગભાઈ હાલાણીના સ્મરણાર્થે ગોંદિયા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

**અમદાવાદ ખાતે પર્યાવરણ સમિતિ દ્વારા ઈકો-ટ્રીપનું આયોજન :** તા.૨૫-૧૨-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ તથા યુનિટિ ઈંગ્લીશ એકેડેમી (ગોંડલ) દ્વારા અમદાવાદના કમલા નહેરુ ઝુઓલોજીકલ ગાર્ડન તથા ગુજરાત સાયન્સ સીટી ખાતે પર્યાવરણ જાગૃતિ માટે એક સુંદર ઈકો-ટ્રીપનું આયોજન કરવામાં આવેલ. યુવા પર્યાવરણ પ્રેમીઓને પર્યાવરણના વિવિધ ઘટકો, આહાર શૃંખલા, તૃણાહારી પ્રાણીઓ, માંસાહારી પ્રાણીઓ, વિવિધ સરીસૃપો, પક્ષીઓ વિગેરે વિષે માહિતગાર કરવામાં આવેલ. ભાવિનભાઈ જોબનપુત્રા તથા કિરીટભાઈ ભીમાણીએ સૌ પર્યાવરણ પ્રેમીઓને અભિપ્રેરિત કરેલ અને ઈકોટ્રીપની સફળતા કેક કાપીને ઉજવવામાં આવેલ તથા વિશ્વ તુલસી દિવસ નિમિત્તે પર્યાવરણ પ્રેમીઓને તુલસીના રોપા આપીને "વૃક્ષો વાવો ધરતી બચાવો" અભિયાનમાં જોડવામાં આવેલ.

**જસદણ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ :** તા.૨૮-૧૨-૧૭ના રોજ પરમ વંદનીય સંત શ્રી હરીરામબાપાની તૃતીય પૂણ્યતિથિ નિમિત્તે શ્રી લોહાણા મહાજન જસદણ દ્વારા રામધૂન, હનુમાન ચાલીસાના પાઠ તથા વૃક્ષારોપણ, મહાઆરતી તથા મહાપ્રસાદ તેમજ અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ કિરીટભાઈ ભીમાણી, શ્રી શૈલેષભાઈ ઠક્કર, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના, અમરેલી જીલ્લાના પ્રમુખ શ્રી મહેશભાઈ નગદીયા, મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ અનડકટ, ઉપપ્રમુખ શ્રી સોનલબેન વસાણી તથા વિશાળ સંખ્યામાં રઘુવંશીઓ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**અમરાવતી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ :** રવિવાર તા. ૩૧ ડિસેમ્બરના રોજ અમરાવતીના એક ગૌશાળામાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. વિદર્ભ સહ મધ્યભારત વિભાગના પી.આર.ઓ. શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, પર્યાવરણ સમિતિ ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણી સાથે ગુજરાતી નવયુવક મંડળ તેમજ શ્રી લોહાણા નવયુવક મંડળના કાર્યકર ભાઈઓ ઉપસ્થિત રહ્યા.

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઈકોફ્રેન્ડલી ક્રિસમસની ઉજવણી અને પ્લાસ્ટિકના ક્રિસમસ ટ્રીની જગ્યાએ સાચા વૃક્ષો વાવવાનો તથા ગ્રીન ગીફ્ટ આપવા માટે અપીલ કરવામાં આવેલ. નવ વર્ષ ૨૦૧૮ની શરૂઆત પર્યાવરણ બચાવવા માટે સંકલ્પ દ્વારા પર્યાવરણ સમિતિ દ્વારા પર્યાવરણ સંરક્ષણના કાર્યમાં જોડાવા સૌને અપીલ કરવામાં આવેલ.











# સંસ્થા સમાચાર

## અમદાવાદ

અમદાવાદ હા.ઘો.ક. લોહાણા મહાજન દ્વારા તા.૨૮ જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ જીવનસાથી પસંદગી પરિચય મેળાનું આયોજન શ્રી જલારામ સેવા મંડળ, ખમાસા, અમદાવાદના સહયોગથી કરવામાં આવેલ છે. મહાજન દ્વારા દર રવિવારે સવારે ૧૦થી ૧૨ કલાકે નિઃશુલ્ક પરિચય માહિતી કેન્દ્ર ચલાવવામાં આવે છે અને અમદાવાદમાં વસતા જ્ઞાતિજનો તેનો લાભ લઈ રહેલ છે. આ નિઃશુલ્ક મેળો પહેલા માળે, જલારામ મંદિર, ખમાસા ખાતે કાર્યરત છે.

---

જય જલિયાણ સત્સંગ મંડળ, વેજલપુર, અમદાવાદના સહયોગથી નવમું સ્નેહ મિલન તા.૧૭-૧૨-૨૦૧૭ને રવિવારે ચંચળબાગ પાર્ટી પ્લોટ, સીંધુભવન રોડ, રાધિકા પાર્ટી પ્લોટના ખાંચામાં એસ.જી. હાઈવે ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં બપોરે ૨.૩૦ કલાકે ભવ્ય ડાયરાની રમઝટ બોલાવવામાં આવી હતી સાંજે ૭.૦૦ કલાકે મહા આરતી અને રાત્રે ૮.૦૦ કલાકથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સંતશ્રી જાનકીદાસ બાપુ (કમીજલા) અને મણીનગર ગાદી સંસ્થાનના વંદનીય સંત ગણ દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા.

## પૂના

શ્રી જલારામ સત્સંગ મંડળ પૂના દ્વારા આયોજિત સમૂહ શ્રીમદ ભાગવત સપ્તાહ તા. ૨૪-૧૨-૨૦૧૭ ને રવિવારના રોજથી તા. ૩૦-૧૨-૨૦૧૭ને શનિવારના રોજ સુધી સંતશ્રી ગાડગે મહારાજ ધર્મશાળા, નરપતગીરી ચોક, સોમવાર પેઠ, પુણે ખાતે યોજાઈ હતી. જેમાં સ્વ.લીલાધરભાઈ લાલજીભાઈ રાજના નિવાસસ્થાનેથી પોથી યાત્રા નીકળી હતી. કથા દરમિયાન દરરોજ નૃસિંહ અવતાર, વામન અવતાર, શ્રીકૃષ્ણ જન્મ તથા નંદોત્સવ, ગોવર્ધન ઉત્સવ, રૂક્ષ્મણિ વિવાહ જેવા અનેક પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી તેમજ દરરોજ જુદા જુદા દાતાશ્રીઓ દ્વારા પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## ગાંધીધામ

શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ આયોજીત શ્રી ગાંધીધામ શહેર તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપ, શ્રી આદિપુર રઘુવંશી સોશ્યલ ગ્રુપ, શ્રી અંજાર તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપના સાનિધ્યમાં ૩૨મો સમૂહ લગ્ન તથા જ્ઞાતિ મહા સંમેલન "જશોદા પરિણય વાટીકા", શર્મા રિસોર્ટ, ક્વોલીટી ઈન, અંજાર - ગળપાદર રોડ, ગાંધીધામ (કચ્છ) ખાતે યોજાઈ ગયું કુલ બે દિવસના આ સંમેલનમાં ઘણા જ્ઞાતિશ્રેષ્ઠીઓ અને દાતાશ્રીઓ સહયોગ આપ્યો હતો.

## રાજકોટ

જય રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર, સુરેન્દ્રનગર દ્વારા તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ શ્રી કેશરીયા લોહાણા મહાજનવાડી, કે.કે.વી. ચોક, સેમસંગ પ્લાઝાવાળી શેરી, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે યોજાઈ ગયો. જેમાં સવારે ૭.૦૦ કલાકથી કાર્યક્રમની શરૂઆત કરી સાંજે ૫.૦૦ કલાકે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. બપોરે ૧.૦૦ કલાકે સ્વરુચિ ભોજન બાદ ૨.૩૦ કલાકે દીકરા-દિકરીઓના વાલીઓ વચ્ચે ગ્રુપ મીટીંગ કરાવી સાંજે ૫.૦૦ કલાકે કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## મુલુંડ

ગૌરક્ષક, ધર્મરક્ષક, વીરદાદા જશરાજ મંડળ - મુંબઈ દ્વારા પોષ માસના ચંદ્રદર્શન મંગળવાર તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી - મુલુંડ, ગીતા મંદિર હોલમાં જસરાજ દાદા ધૂપ આરતી સાથે થાળ, રણગીત, અંજલિ ગીત મુલુંડ અને મુલુંડથી બહારના મોટી સંખ્યામાં ઉપસ્થિત જસરાજ ભક્તો દ્વારા શ્રી બીપીન મહારાજ અને બીરેન મહારાજના સંગે ભાવવાહી વાતાવરણમાં ગાવામાં આવ્યા હતા. આ વખતનો દડિયા પ્રસાદ એડ.શ્રી લાલજીભાઈ અનમ તરફથી હતો.

---

'વંદે ગૌ માતરમ્"ની યથાર્થતાને ચરિતાર્થ કરવા શ્રી રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ (રજી.) દ્વારા રવિવાર તા. ૧૭-૧૨-૧૭ના રોજ વિશિષ્ટ ગૌ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ગૌ સેવા એ જ પ્રભુ સેવા' એ વિચારસરણીને અનુરૂપ ભીવંડી તાલુકાના આનગાંવની 'શ્રી ગોપાલ ગૌ શાળા'ની ૧૬૦૦થી વધુ ગાયોનું મેડિકલ ચેકઅપ કરી તેમને ઈન્જેકશન - વેક્સીનેશનથી સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ આ બધી ગાયોને ૬૦૦૦ કિ.ગ્રા. - ૬ ટન જેટલું ઔષધિ મિશ્ર પૌષ્ટિક પશુ ખાદ્ય - લાપસી આપવામાં આવી હતી. છેલ્લા પાંચ વર્ષમાં અહીં આ અબોલા પ્રાણીઓની શારીરિક વેદનાની સારવાર કરવાનો આ પ્રથમ પ્રયાસ હતો. જેમાં બોમ્બે વેટરનરી કોલેજ - પરેલના ૫૪ જેટલા સીનીયર ડોક્ટર્સ અને ૧૮૫ જેટલા આસીસ્ટન્ટ ડૉક્ટર્સ (તાલીમાર્થી વિદ્યાર્થીઓ)ની નિસ્પૃહી સેવા રઘુ શક્તિ સેવા ટ્રસ્ટને મળી હતી. માટુંગા જૈન ગૌ રક્ષા મંડળ - પંકજભાઈ મહેતા, તેમજ લોહાણા બંધુ મંડળ ભટવાડી, ઘાટકોપર - વીજુ ભગતનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

**જૂનાગઢ** પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત રઘુવંશી સખી સહિયર વૃંદનો સામાજીક, સ્વાસ્થ્યલક્ષી, રચનાત્મક, ધાર્મિક કાર્યક્રમ તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન હેઠળ ખૂબ જ ધમાકેદાર રીતે સંપન્ન થયો હતો જેમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપી કાર્યક્રમને રસપૂર્વક રીતે માણ્યો હતો. કાર્યક્રમનો હાર્દ - ૨૦૧૭ના વર્ષમાં પોતાના જીવનમાં બનેલો અવિસ્મરણીય પ્રસંગ બધાની સમક્ષ રજૂ કરવાનો હતો અને ૨૦૧૮ના વર્ષમાં આ મંડળ કેવા રચનાત્મક કાર્યોની સમાજને ભેટ આપશે, તેની ચર્ચાઓ કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ.પૂ.૧૦૦૮ વલ્લભ કુળનાં શ્રી શરદબાવાશ્રીએ પધરામણી કરી દરેકને ચરણસ્પર્શનો લાભ આપેલ. વન મિનિટ ગેમમાં ૨૧ મહિલાઓએ ભાગ લીધેલ જેમાં વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ.

**નાગપુર** શ્રી લોહાણા મહાજન નાગપુર દ્વારા સ્નાતક અને અનુસ્નાતક યુવક-યુવતીઓ માટે તા. ૨૬ અને ૨૭ જાન્યુઆરી, ૨૦૧૮ ના પરિચય સંમેલનનું લાંબા સેલિબ્રેશન્સ, કામઠી રોડ, નાગપુર ખાતે થનાર છે. લોહાણા મહાજનના પ્રમુખ શ્રી નિલેશભાઈ ગઢીયા, મંત્રી શ્રી રાહુલભાઈ ખખ્ખર તથા કાર્યક્રમના સંયોજક શ્રી નલિનભાઈ કાનાબાર અને તેમની સમગ્ર ટીમ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સભ્યો સાથે સુંદર સંકલન કરી રહ્યા છે. વધુ માહિતી માટે સંપર્ક: ૯૮૨૨૨૨૧૫૨૩ અથવા www.lohanamahajanngp.in પર સંપર્ક કરી શકો છો.

## શાબાશ રઘુવંશી

શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના ચેરમેન અને ટ્રસ્ટી, શ્રી કુણાલભાઈ વજાણીની વર્લ્ડ કાઉન્સિલ ઓફ ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સમાં ભારત તરફથી કોર્ટ મેમ્બર તરીકે નિમણુક થયેલ છે. ઈ.સ. ૧૯૨૩માં સંસ્થાની સ્થાપનાથી આજ સુધીમાં સૌથી યુવાન વયે આ પ્રતિષ્ઠિત નિમણુક મેળવવા બદલ માતૃસંસ્થા વતી ખૂબ ખૂબ અભિનંદન.....





શ્રી જીજ્ઞાબેન કૃષ્ણકાંતભાઈ ઠકરાર - સાવરકુંડલા સમાજસેવા અને શિક્ષણ ક્ષેત્રે અદ્વિતિય સેવા બદલ માનવ કલ્યાણ મંડળ ગુજરાત તથા યુવી કલબના ઉપક્રમે મહિલા ગૌરવ એવોર્ડ-૨૦૧૭થી સન્માનિત થવા બદલ માતૃસંસ્થાની અઢળક શુભેચ્છાઓ...

શ્રી હિતેશભાઈ ચત્રભુજભાઈ ઠક્કર - ભૂજ, ધી ભૂજ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.માં મેનેજિંગ ડાયરેક્ટર તરીકેની સેવાઓ અને તાજેતરમાં બેંકના ચેરમેન તરીકે ચૂંટાવા બદલ માતૃસંસ્થાની અઢળક શુભેચ્છાઓ....





શ્રી લોહાણા મહાજન નાગપુરના પૂર્વ પ્રમુખશ્રી દામોદરદાસ લાખાણીની સુપૌત્રી તથા અજય લખાણીની સુપુત્રી ચિ. સેજલ લાખાણીને રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ યુનિવર્સિટી દ્વારા માટે નાગપુરમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલથી તા. ૦૩ ડિસેમ્બર ૨૦૧૭ના સન્માનીત થવા બદલ માતૃસંસ્થા વતી ખૂબ ખૂબ અભિનંદન...

RNI NO. : GUJ/GUJ/2011/44815

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th January 2018


# સમસ્ત રઘુવંશી (લોહાણા) માટે સ્પેશિયલ ટુર

THE WORLD TRADE tours & travels

26-27 ફેબ્રુઆરી 2018
1 માર્ચ 2018

**Inclusions :**

- અમદાવાદ થી અમદાવાદ ફ્લાઈટની ટીકિટ (એરપોર્ટ ટેક્ષ સાથે)
- એરપોર્ટ થી હોટલ અને હોટલ થી એરપોર્ટ આવવા-જવાની વ્યવસ્થા
- 5 રાત્રી અને 6 દિવસ 3* હોટલ/હોટલ એપાર્ટમેન્ટમાં રોકાણની વ્યવસ્થા
- દુબઈ સીટી ટુર - આખો દિવસ (નીચેના સ્થળની મુલાકાત લઈશુ.)
  - દુબઈ મ્યુઝીયમની મુલાકાત ટિકીટ સાથે
  - પરંપરાગત ચાલતી આવતી દુબઈની "આબરા રાઈડ", ઉપરાંત "ગોલ્ડ સુક" અને "સ્પાઈસ માર્કેટ" ની મુલાકાત
  - "જુમેરાહ બીચ" તથા "બુર્જ-અલ-અરબ-7* હોટલ" ની મુલાકાત (બહારથી)
  - પામ આઈલેન્ડ પરની પામ એટલાન્ટીસ હોટલ (5*) ની મુલાકાત (બહારથી)
  - શેખ ઝાયદ રોડ
  - દુબઈ નું સૌથી ઊંચુ ટાવર "બુર્જ ખલીફા" ની 124 માળની મુલાકાત એન્ટ્રી ટિકીટ સાથે
  - દુબઈ મોલ અને ફાઉન્ટેન શોની મુલાકાત
- અબુધાબી સીટી ટુર (નીચેના સ્થળની મુલાકાત લઈશું.)
  - "ગ્રાન્ડ મસ્જીદ" અને "હેરીટેજ વીલેજ" ની મુલાકાત
  - એમીરેટ્સ / શેખ પેલેસની બહારથી મુલાકાત
  - ખજુર બજાર
- ડેઝર્ટ સફારીની સાથે ડ્યુન બેશીંગ, લેન્ડ ક્રુઝર કારમાં, કેમલ રાઈડ, હીના પેઈન્ટીંગ, શીશા હુક્કા બેલી ડાન્સ, તનુરા શો ની સાથે બાર્બીક્યુ ડીનર
- ધોઉ ક્રુઝમાં રાતનું ભોજન હોટલ ટ્રાન્સફર સાથે
- 5 સવારના નાસ્તા અને 5 રાત્રીના ભોજન
- વીઝા તથા ઓ.ટી.બી. ખર્ચ, હોટલ ટેક્ષ તથા ટુરીઝમ દીરહામ ફી
- 1 કલાક ની લિમોઝીન રાઈડ

**5 Nights 6 days**
With Airfare
Rs. ~~55,500/-~~
Per Person

**45,500/-**
Per Person

પેકેજ બુકિંગ એમાઉન્ટ
Rs. 20,000/-
Per Person

5 % GST Extra

વહેલા તે પહેલા ના ધોરણે સભ્યો લેવામા આવશે..!!!

For Booking
Pls. Contact
+91 75750 04915
+91 90999 05760

Bhavan Kotak +91 98252 33327

## 2018 Summer Packages Also Available

| | | |
|---|---|---|
| Dubai 48,000/-* Per Person, Ex. Ahmedabad, 5 NIGHTS / 6 DAYS | Thailand 33,500/-* Per Person, Ex. Ahmedabad, 5 NIGHTS / 6 DAYS | Europe 1,45,500/-* Per Person, 11 NIGHTS / 12 DAYS |
| Singapore & Malaysia 55,470/-* Per Person, 6 NIGHTS / 7 DAYS | Singapore With Cruise 70,900/-* Per Person, 6 NIGHTS / 7 DAYS | Bali 35,000/-* Per Person, 4 NIGHTS / 5 DAYS |

Himachal | Uttrakhand | Kerala | South India | Goa
Packages Also Available

331-334,3rd Floor,Iscon Arcade,Opp. Pariseema Complex,C.G. Road,Ahmedabad-380009
Ph. +91 79 26463010/11/12 Email :- info@worldtradetours.com Web :- www.worldtradetours.com


**If Undelivered return to:**

**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)